THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદ્દષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 | April–2022 | No. 59

## અનુક્રમણિકા

1. "થિયોસોફિક જ્યોતિ..." ૧૦૦ વર્ષ પૂર્ણ...
સફર... અવિરત...! ................................શ્રી હર્ષવદન શેઠ 3

2. ધી હિડન સાઇડ ઓફ ધી થીંગ્સ ...............શ્રી ધવલ શેઠ 5

3. મનની સ્થિરતા જરૂરી છે ..........................શ્રી કાન્તિભાઈ પટેલ 7

4. આત્માઓનો વિકાસ પથ વિશે ...................ડો. શ્રી ઋતુરાજ પંડ્યા 9

5. શિવ - વાર્તાલાપ ....................................શ્રી દર્શન મોદી 11

6. જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ .. શ્રી હર્ષદ દવે 14

7. સાગર પંખી ..........................................શ્રીમતિ પરવીન પટેલ 17

8. આપણો પુસ્તક પ્રેમ ................................. 20

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી**
ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**
મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી**
સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**
ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

☛ બુક સ્ટોલ મેનેજર ☛

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ,
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

☛ પ્રમુખશ્રીનું સરનામું ☛

શ્રી નરેશભાઈ એ.ત્રિવેદી
૩૦૫, નંદનવન એપાર્ટમેન્ટ, સરદારબાગ સામે,
જુનાગઢ-૩૬૨૦૦૧ મો. : ૯૮૭૯૦ ૬૫૨૦૦

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# "થિયોસોફિક જ્યોતિ..." ૧૦૦ વર્ષ પૂર્ણ... સફર... અવિરત...!!!

સંપાદકીય

પ્રસ્તુતિ


શ્રી હર્ષવદન શેઠ



શ્રી પ્રાણજીવનભાઈ ઠક્કર

વર્ષ ૨૦૨૨ માં આપણા મેગેઝીને ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ સફર અવિરત હજુયે ચાલુ છે. જે માહિતી ઉપલબ્ધ થઈ તેનું વિહંગાવલોકન કરી લઈએ.

સુરતમાં ૧૯૧૮ પહેલાના સમયમાં "જિજ્ઞાસુ" નામનું 'માસિક' પ્રકાશિત થતું હતું. તે સમયમાં જે મૂર્ધન્ય કાર્યકરોએ મેગેઝીન માટે કાર્ય કર્યું હશે તેઓનો વિગતવાર તવારિખ સ્વરૂપે ઉલ્લેખ મળવો મુશ્કેલ છે. ૧૯૧૮માં 'જિજ્ઞાસુ' માસિક બંધ થવાની અણી પર હતું. ભાવનગરના સ્વ. પ્રાણજીવનભાઈ ઠક્કરને આ બાબતે ઘણી ચિંતા થઈ. અત્યંત મિલનસાર સ્વભાવ, પ્રેરક અને પ્રોત્સાહક વાણી તથા થિયોસોફીનું ઊંડું તલસ્પર્શી જ્ઞાન ધરાવતા પ્રાણજીવનભાઈ ૧૯૧૮ પછી તેને ભાવનગર લઈ આવેલાં. તેમણે મેગેઝીન સફળતાથી ચલાવવાનું શરૂ કર્યું. ત્રણ વર્ષ પછી તેનું કદ વધારી "જીજ્ઞાસુ"નું નામ "જ્યોતિ" આપવામાં આવ્યું. ૧૯૨૧ થી તેના તંત્રી તરીકે શ્રી વેણીભાઈએ સુકાન સંભાળ્યું. ત્યારબાદ ૧૯૨૨માં સ્વ. હરજીવનદાસ કા. મહેતાએ તંત્રીપદ લીધું. "જ્યોતિ"ની સફર અવિરત ચાલતી રહી.



શ્રી પરશુરામ મહેતા

'ગુજરાતમાં થિયોસોફીની પ્રવૃત્તિ'ના ઈતિહાસમાં ડોકિયું કરતાં હજુ કેટલીક સંગીન માહિતી પ્રાપ્ત થાય છે. સુરતની 'સનાતન લોજ'ના આદ્ય સ્થાપક સદ્‌ગત શ્રી નૌતમરામ ઉત્તમરામ ત્રિવેદીની પ્રેરણાથી ત્યાંના સભ્ય બંધુશ્રી પરશુરામ મહેતાને થિયોસોફીનો ખરેખરો રંગ લાગેલો. તેઓ પુના જઈ મેડમ બ્લેવેટ્સ્કીના હાથે સોસાયટીમાં દાખલ થયેલાં ત્યારે સુરતની નાગર જ્ઞાતિમાં વટલાઈ ગયેલા અને ખ્રિસ્તી બની ગયેલા તરીકે તેમની ગણના થતી. તેઓશ્રીની નોંધપાત્ર સેવા એ હતી કે તેમણે ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનની સ્થાપના કરી. તેના પ્રથમ તંત્રી તરીકેની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધેલી, તેઓશ્રીએ "જિજ્ઞાસુ" નામનું માસિક પણ શરૂ કર્યું.

'જ્યોતિ'ની સફરમાં ત્યારબાદનાં તંત્રીશ્રીઓની માહિતી અને વિગતો મેળવવાની બાકી રહે છે. ૧૦૦ વર્ષ પૂર્ણ થયાની યાદમાં અભ્યાસુ સભ્યો સહભાગી બનશે તો આપણા સૌનો સમુહ પ્રયત્ન વર્ષ દરમિયાન વિશેષ ઉજવણી બની રહેશે. આપણી વિભિન્ન લોજોનાં સક્રિય કાર્યકરો આ ઉજવણીના ભાગ સ્વરૂપ પોતાને પ્રાપ્ત થતી "જ્યોતિ" અંગેની જાણવા લાયક બાબતો અને પ્રેરણાદાયક પ્રસંગોને વાચકો સુધી પહોંચાડશે તો પણ આ પ્રકારની જ્ઞાનવર્ધક ઉજવણી સાર્થક બનશે.

"જ્યોતિ"થી... "થિયોસોફિક જ્યોતિ"ની વિરલ સફર અંગેની હકીકતો યુક્ત વાત આવતાં અંકોમાં કરીશું. ઉપરોક્ત માહિતી તથા ફોટાઓ 'થિયો. સોસાયટી શતાબ્દી ગ્રંથ'માંથી લેવામાં આવ્યા છે.

આ વખતે 'થિયોસોફી'ના પ્રચાર અને પ્રસાર, ખાસ કરીને 'થિયોસોફિક જ્યોતિ' બાબતે જે આનંદદાયક ઘટના બની છે તે અંગે આપ સૌને માહિતગાર કરવામાં ગૌરવની લાગણી અનુભવાય છે.

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

ગુજરાત રાજયના સાર્વજનિક સરકારી પુસ્તકાલયોને આપણે 'થિયોસોફિક જ્યોતિ' મોકલાવીએ તેવા પ્રસ્તાવ સાથે પેટલાદ લોજના તંત્રી તથા ગાંધીનગર રહેતા શ્રી ગિરીશભાઈ 'નીલગીરી'એ ૨૦૧૯ થી પ્રયત્નો આરંભેલા. 'કમિશ્નર ઓફ લાઈબ્રેરીઝ'ની ઓફિસે ઘણા ધક્કા ખાધાં. ૨૦૨૦ના વર્ષમાં કોરોના કાળને લીધે પ્રસ્તાવ આગળ વધી શક્યો નહિ. વર્ષ ૨૦૨૧માં તેઓની મહેનત રંગ લાવતી જણાઈ, પરંતુ સરકારી રાહે થતાં કાર્યોમાં ફરીથી વિક્ષેપો શરૂ થયાં. તે કાર્ય અધુરું રહ્યું, છેવટે જાન્યુઆરી ૨૦૨૨માં શ્રી ગિરીશભાઈની મહેનત રંગ લાવી. નિયામકશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીજીએ 'થિયોસોફિક જ્યોતિ'ની આધ્યાત્મિક તથા શૈક્ષણિક કિંમત જાણી. પોતાના મદદનીશ કાર્યદક્ષ બેન અમીતાબેનને લવાજમનો ચેક તૈયાર રાખવા કહ્યું. શ્રી ગિરીશભાઈનો આનંદ માતો ન હતો. તુરત જ ફેડ. પ્રમુખશ્રી નરેશભાઈ અને મંત્રીશ્રી દર્શનભાઈને આ અંગેની જાણ કરી, શ્રી દર્શનભાઈ રૂબરૂ ગાંધીનગર પહોંચ્યા. ગિરીશભાઈની સાથે રહીને પહોંચ તૈયાર કરાવી અને ૫૦૦ પુસ્તકાલયો માટે રૂા. ૫૦/- ના લવાજમ પેટે રૂા. ૨૫,૦૦૦/-ની રકમ જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડમાં સીધી ટ્રાન્સફર થઈ. ફેબ્રુઆરીની ૧૪મીએ ૫૦૦ પુસ્તકાલયોના સરનામા મંત્રીશ્રીને ઈ-મેઈલ કરવામાં આવ્યા. 'થિયોસોફિક જ્યોતિ'ના તંત્રીશ્રીને બધાં જ સરનામા પ્રાપ્ત થયાં. માર્ચ મહિનામાં જ બધી લાઈબ્રેરીઓને આપણું મેગેઝીન પ્રાપ્ત થઈ જાય તે માટે તંત્રીશ્રીએ કમર કસી લીધી. સમય ઓછો હતો. પરંતુ પોસ્ટ ખાતાનાં અમદાવાદ વિભાગનાં સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીને પણ 'થિયોસોફિક જ્યોતિ' આટલી મોટી સંખ્યામાં ટપાલ કરવા માટેની મંજૂરી આપે તેવી અસરકારક કાર્યવાહી કરવામાં તંત્રીશ્રીએ રાત-દિવસ એક કર્યા. ગુરુદેવોના આશિર્વાદ જાણે પ્રાપ્ત થતાં હોય તેમ ત્રીજી માર્ચના રોજ મંજૂરીનો પત્ર પ્રાપ્ત થઈ ગયો. તંત્રીશ્રીએ તુરત જ પ્રમુખશ્રીને આની જાણ કરી. પ્રમુખશ્રીએ ધન્યવાદ આપ્યા અને સઘળી મહેનત જે રંગ લાવેલી તેમાં સહભાગી થનાર સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરી. ખાસ કરીને શ્રી ગિરીશભાઈના પ્રયત્નોને તેમણે બિરદાવ્યાં. 'થિયોસોફિક જ્યોતિ' પણ શ્રી ગિરીશભાઈને સહૃદયતાપૂર્વક ધન્યવાદ અને આશિર્વાદ પાઠવે છે અને તેમના કાર્ય માટે ફેડ.ના સૌ સભ્યો વતી ગૌરવની લાગણી અનુભવે છે. ૧૦૦ વર્ષ પૂર્ણ થયાની સફરમાં આગળ વધતાં આ સોપાન ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સર્જશે. ગુજરાત રાજયના ૫૦૦ પુસ્તકાલયોમાં 'થિયોસોફિક જ્યોતિ' પહોંચશે. એક વિશાળ વાચક વર્ગ પ્રાપ્ત થશે અને 'થિયોસોફિકલ સોસાયટી'ના સંદર્ભમાં પ્રચાર–પ્રસાર માટેનું અભિન્ન અંગ બનશે તેવા વિશ્વાસ સાથે અભિવંદના !

• • •

(ધી હિડન સાઈડ..... પાના-૦૬ ઉપરથી ચાલુ)

તેનો આગળનો વિકાસ પોતાના હાથમાં લીધો.

જે કૂતુહલ ભરેલી હકીકત અહીં ધ્યાનમાં આવેલી તે એ છે કે ભલે તે ખેડૂત પોતાની જાતને તે સ્ત્રીનાં માર્ગદર્શક તરીકે ઘોષિત કરેલી, પરંતુ તે પોતે જ તે સ્ત્રીનાં વિચારોથી મોટા પ્રમાણમાં પ્રભાવિત થયેલો હતો અને મોટા ભાગનાં કિસ્સાઓમાં તે સ્ત્રીનાં જ વિચારોને તે બીજી ભાષામાં તે સ્ત્રીને પાછાં આપતો હતો. તેને સર્પ અગ્નિ (**Serpent Fire**) વિષે કશું જ જ્ઞાન ન હતું, પરંતુ તે તેને દૈવી પ્રેરણા તરીકે માનતો હતો. તેણે જોયું કે આ શક્તિ દ્વારા જાગૃતતાની પ્રક્રિયા થઈ શકે છે અને તેથી જ તે તેને પ્રોત્સાહન આપતો હતો. તે બંનેનાં સંયુક્ત પ્રયાસોથી તેઓ આ ગૂઢ શક્તિનાં ઉપરનાં આવરણને ખોલવામાં સફળ રહ્યાં. સદ્‌ભાગ્યે તે સ્ત્રીનાં અજ્ઞાનનાં કારણે તેઓ તેની ઉંડાઈ સુધી પહોંચી ન શક્યા અને આ શક્તિને સંપૂર્ણપણે જાગૃત ન કરી શક્યા. જો એમ થાત તો તે સ્ત્રીનું શરીર નાશ પામી જાત.

(ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

*પ્રસ્તુતિ*
શ્રી ધવલ શેઠ
*રોહિત લૉજ*

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### એક સ્ત્રીને દેખાયેલાં એક દશ્યનું વિશ્લેષણ

પરિષદની બધી જ સભાઓમાં ''ઓલ–ફાધર'' **(All–Father)** અધ્યક્ષ સ્થાને હતાં. તેઓ પણ બીજાં પાત્રોની જેમ એક વિચાર–રૂપ જ હતાં. પરંતુ તેઓ ઘણીવાર અણધાર્યું અને અણછાજતું વર્તન કરતાં હતાં કે જે બાહ્ય તાકાતની હાજરીને દર્શાવતું હતું. કાળજીપૂર્વકનું વિશ્લેષણ કર્યા બાદ જાણવા મળ્યું કે જેમ એલિજાહનાં પાત્રમાં વેલ્શમેનનો આત્મા ઘૂસેલો હતો તેવી જ રીતે ''ઓલ–ફાધર''ના પાત્ર પર એક રમૂજી નેચર–સ્પિરીટે કબજો મેળવી લીધો હતો.

કુદરતનાં આ આહ્‌લાદક સામ્રાજ્ય કે જેને આપણે ''નેચર–સ્પિરીટ'' કહીએ છીએ તેની લાક્ષણિકતાઓ પહેલા પણ વર્ણવવામાં આવી ચૂકી છે. આવાં જીવોને નાટ્યાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અત્યંત આનંદ આવતો હોય છે. તેઓને સમૂહનૃત્ય પ્રવૃત્તિમાં પણ આનંદ આવતો હોય છે. ચડિયાતી પોતાનાં સાથીઓને મોહિત કરી કે તેવી વાર્તા સંભળાવવાનાં પણ તેમને અનેરો આનંદ આવતો હોય છે. જો આટલું ધ્યાનમાં રાખીએ તો આવા તોફાની ''નેચર–સ્પિરીટ'' માટે તો સ્વર્ગની પરિષદ તો એક તક હતી. તે કોઈ પણ પાત્રનાં વિચારરૂપ પર કબજો મેળવી લઈને પરિષદ અને તેની કથાનો ભાગ થઈ શકે છે. એ કહેવાની જરૂર નથી કે તેને પોતે આવા કોઈ નાટકનો ભાગ બની રહ્યો છે તેવી ખબર પણ હશે. તેને તો માત્ર એમ જ લાગે છે કે મજાક મશ્કરી કરવાની એક અનેરી તક તેને મળી છે.

પરિષદમાં થતી ચર્ચાઓ અને વિચાર–વિમર્શને આ નેચર–સ્પિરીટ સમજી શકતું નહોતું અને તેથી જ તે મોટાભાગે ચૂપ રહેતું હતું. તેનું આ ચૂપ રહેવાનું ખૂબ જ મોટી અસર ઉત્પન્ન કરતું હતું. પરંતુ તેને બાઈબલનાં અમૂક શબ્દસમૂહો આવડી ગયાં હતાં અને સમયાંતરે તે પોપટની જેમ તેનો ઉચ્ચાર કરી લેતું હતું. તેને આ શબ્દસમૂહોનો અર્થ જરા પણ ખબર નહોતો. ઘણીવાર તેના માટે મસ્તી–મજાક ખૂબ વધુ પડતાં થઈ જતાં હતાં. તો તે વખતે તે થોડાં સમય માટે વિચાર–રૂપને છોડી દેતું. જ્યારે આવું થતું ત્યારે વિચાર–રૂપથી સતર્કતામાંથી સ્થિરતામાં સરી પડતું. પરિષદમાં જે મનુષ્ય સભ્યો હતાં તેમને લાગતું કે આ કોઈ દૈવી ક્રોધની અસરથી થાય છે.

તો આ ''સ્વર્ગની પરિષદ''ની હકીકત હતી કે જેની સામે પેલી સ્ત્રી ખૂબ જ નિષ્ઠાપૂર્વક આજીજી કરી રહી હતી. અહીં એ સમજવું જોઈએ કે માત્ર મૃત વ્યક્તિ જ જે કાંઈ પણ ચર્ચા થઈ રહી હતી તેમાં પોતાનો ફાળો આપી શકતી હતી. મૃત વ્યક્તિઓ સિવાયનાં બીજાં જીવો તેમાં કોઈ જ ફાળો આપી શકતાં નહોતા. તેઓ માત્ર કોઈ પણ ઔપચારિક પ્રસ્તાવને પોતાની સંમતિ આપતાં હતાં.

દશ્યમાં દેખાયેલાં થિયોસોફિકલ વિચાર–રૂપોને સમજવા માટે આપણે તે સ્ત્રીનાં ઈતિહાસ અને તેની માનસિક સ્થિતિને સમજવી પડે. ખ્રિસ્તી ધર્મનાં

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

ભૌતિકવાદથી ઉદાસ થઈને તે સંવાદદાતા સ્ત્રી નાસ્તિક બની ગઈ હતી.

ત્યારબાદ તે તેનું પ્રિય બાળક ગુમાવી બેસે છે. આવી પરિસ્થિતિમાં આ બધાં જ અનુભવો કુદરતી રીતે જ પોતાની અસરો ઊભી કરી શકે છે. તેનો સ્વભાવ ઘડવામાં આ દરેક અનુભવ પોતાનો ભાગ ભજવે છે. આ સમયગાળા દરમિયાન તે થિયોસોફિનાં સંપર્કમાં આવે છે. તે પોતાના અભ્યાસની શરૂઆત ''સીક્રેટ ડૉક્ટ્રીન'' પુસ્તકથી કરે છે. પોતાની પરિસ્થિતિથી ગભરાયા વિના તે ખંતપૂર્વક આ પુસ્તકનો અભ્યાસ ચાલુ રાખે છે અને તેનાં શિક્ષણને ગ્રહણ કરવાની કોશિશ કરે છે. તે 'સ્ટાન્ઝાસ ઓફ જ્યાન'નાં વર્ણનોની માનસિક છબીઓ ઉત્પન્ન કરવાનું શરૂ કરે છે. આ પુસ્તકનાં અમુક વિચારોથી તે ખૂબ જ આકર્ષિત થઈ હતી. તેની ગૂઢ અને ખતરનાક પરીક્ષામાંથી દિક્ષીત થવું એ તેમાંનો એક વિચાર હતો. બીજો વિચાર કે જેનાથી તે પ્રભાવિત થઈ હતી તે વિવિધ માનવ પ્રજાતિઓનાં ઉદ્દભવનો હતો. આ બધામાં પાછો તેનાં ખ્રિસ્તી ધર્મની માન્યતાઓનો રંગ ઉમેરાયો હતો.

આવી રીતે તે થિયોસોફીને લગતાં મજબૂત વિચાર–રૂપોથી ઘેરાયેલી હતી અને આવી રીતે તેણે કુદરતનાં અમુક ગૂઢ નિયમોને અજાણતા જ સક્રિય કરી દીધાં હતાં. ઉચ્ચ જીવનોમાં તેનાં વિચાર–રૂપોએ પોતાના જેવાં જ બીજાં વિચારોને આકર્ષિત કર્યાં. તે જ્યાં રહેતી હતી ત્યાંથી અમુક સો માઈલો દૂર એક થિયોસોફિકલ લોજ ચાલતી હતી કે જેમાં ''સીક્રેટ ડોક્ટ્રીન''નો અભ્યાસ કરાવવામાં આવતો હતો. જેનાથી બહુ મોટા પ્રમાણમાં વિચાર–રૂપો આ લોજ દ્વારા એસ્ટ્રલ જગતમાં રચાયા હતાં અને કેવી રીતે સંપર્ક સ્થપાયો હતો તે અવલોકનમાં આવ્યું નથી. કદાચ જ્યારે તે પોતાનાં એસ્ટ્રલ શરીરમાં મુસાફરી કરતી હશે ત્યારે તેનાં કોઈ રસનાં વિષયની રજૂઆતથી તે આકર્ષાઈ હશે. અથવા તો સમાન વિચારોએ એકબીજાને આકર્ષ્યા હશે. આવું હંમેશા મનુષ્યોના સીધા સંપર્ક વિના પણ બનતું હોય છે. તે સ્ત્રી પણ ખૂબ મોટાં પ્રમાણમાં ચોક્કસ પ્રકારનાં વિચાર–રૂપોથી ઘેરાયેલી હતી. આથી તે પોતે પણ એવી પરિસ્થિતિમાં હતી કે જેથી તે આ વિચાર–રૂપોથી સીધી અસર પામે.

આ સમયગાળા દરમિયાન તેણે શ્વાસની કસરતનો મહાવરો કરવાનું શરૂ કર્યું અને તેનાથી તે એસ્ટ્રલ જગતની અસરો માટે ખુલ્લી થઈ ગઈ. પીડા પ્રત્યેની કરૂણાને લીધે તે મૃત ખૂનીનાં સંપર્કમાં આવી અને કુદરતી રીતે જ સહજભાવે લખવાનું શરૂ થયું. મૃત ખૂનીએ પોતાની બધી જ શક્તિઓ દ્વારા તેના પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો અને તેણીએ પોતાની જાતને બચાવવાનો અને મુક્ત થવાનો અત્યંત સંઘર્ષ કર્યો. તેના ઉગ્રતાભર્યા પ્રયત્નો અને તેના દ્વારા બહાર ફેંકાતી ઉર્જાને કારણે તેણે એસ્ટ્રલ દુનિયામાં ઘણાં બધાનું ધ્યાન ખેંચ્યું.

તે સ્ત્રીનાં સંઘર્ષે મૃત ખેડૂતનું ધ્યાન ખેંચ્યું. આ ખેડૂત પોતાને ક્રાઈસ્ટ માનતો હતો અને તે સ્ત્રીને મદદ કરીને મૃત ખૂનીથી બચાવવાને તે પોતાની ફરજ માનતો હતો. તેણે આવું તેજસ્વી એસ્ટ્રલ શરીર પહેલા ક્યારેય પણ જોયું નહોતું. આ સ્ત્રીની આસપાસનાં વિચાર–રૂપોનાં વાતાવરણથી પણ તે ખૂબ જ પ્રભાવિત થયો હતો. આ વિચાર–રૂપોમાં ઈશ્વરનાં વિવિધ સ્વરૂપો, ધર્મનાં સ્થાપકો, માસ્ટર્સ, એડેપ્ટ્સ, દેવદૂતો વગેરેનો સમાવેશ થતો હતો. આ મૃત ખેડૂત આ બધાં વિચાર–રૂપોને જ હકીકત માની બેઠો. પોતાને ક્રાઈસ્ટ માનતાં આ મૃત ખેડૂતે તુરંત જ આ તક ઝડપી લીધી. તેણે પોતાની જાતને તે સ્ત્રીનાં માર્ગદર્શક તરીકે ઘોષિત કરીને

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

*પ્રસ્તુતિ*

શ્રી કાન્તિભાઈ પટેલ
ઉપ-પ્રમુખ : ગુજ. થિયો. ફેડ.
સનાતન લૉજ, સુરત

# મનની સ્થિરતા જરૂરી છે

શ્રી કૃષ્ણ ભગવાન આ ચંચળ મનને સ્થિર કરવાના ઉપાય બતાવી રહ્યા છે.

સતત સંકલ્પ અને વિકલ્પ કરવા એ જ મનની પ્રકૃતિ અને પ્રવૃત્તિ છે. સરળ શબ્દોમાં કહીએ તો મન એ વિચારનું કારખાનું છે. મન અને વિચારને નદી અને તેના નીર સાથે સરખાવી શકાય. નીર એટલે નદી નહીં તેમ કેવળ વિચાર એટલે મન નહીં. પાણીના વહેવાથી નદીનું નિર્માણ થાય તેમ વિચારોનાં પ્રવાહથી મન સુસજ્જિત થાય છે. નદીના સ્વરૂપનો આધાર એમાં વહેતા પાણીના સ્વરૂપ રહે છે.

પાણી ડહોળું હોય તો નદી પણ ડહોળી થાય. પાણીનો પ્રવાહ વેગવંતો હોય તો નદી પણ વેગીલી બને. એવી જ રીતે મનનો આધાર વિચારો પર છે અને માનવીનો આધાર તેના મન પર છે. જેવા વિચાર તેવું મન ! જેવું મન તેવો માણસ. મનના પરિવર્તન સિવાય મનુષ્યમાં કોઈ પરિવર્તન શક્ય નથી. વિચારોની જાત સુધારી તેનું સંસ્કરણ કરાય તો મનનો ફેરફાર થઈ શકે.

પરંતુ માનવીનું મન ચારે દિશામાં ભમતું ફરે છે. એ કાબૂ વગરનું બની આપણા પર કાબૂ મેળવે છે. એને નાથીને, સંયમિત કરીને તેમજ તેના ઉપર પૂરો કાબુ જમાવીને એ પ્રવાહ ભટકતો અટકાવા યોગ્ય દિશામાં વાળવાનો એ આપણો પ્રાથમિક પ્રયત્ન હોવો જોઈએ. વિચારોની નદીના આત્મ–પરમાત્મારૂપી કિનારાઓ છે અને તે પ્રવાહની દિશા અંગે નિર્ણય કરે છે. આથી ધર્મગ્રંથની સહાયથી બુદ્ધિને પરિશ્રમ કરી મઠારી તીક્ષ્ણ બનાવવાની જરૂર છે.

શ્રી કૃષ્ણ ભગવાન મનની ચંચળતા ટાળવાના ઉપાય બતાવતાં કહે છે,

મનને વૈરાગ્ય અને પ્રયત્ન વડે સ્થિર કરી શકાય છે. અહીં વૈરાગ્ય એટલે કે વિષયોમાંથી વૃત્તિને પાછી પાડવી.

વિષયભોગો તરફ અનિયંત્રિત દોડ મનની ચંચળતાનું મુખ્ય કારણ છે. જેટલી ભોગવૃત્તિ વધારે તેટલી જ ચંચળતા વધારે. ભગવાન સ્વામીનારાયણ આ મનને જીતવાનો ઉપાય બતાવતાં સારંગપુર પ્રકરણના પ્રથમ વચનામૃતમાં કહે છે. ''શાબ્દિક પંચવિષયમાંથી જ્યારે ઈન્દ્રિયો પાછળ હટે અને કોઈ વિષય પામવાની ઈચ્છા રહે નહીં ત્યારે સર્વે ઈન્દ્રિયો વશ થાય છે અને જ્યારે ઈન્દ્રિયો વિષયનો સ્પર્શ ન કરે ત્યારે મન પણ ઈન્દ્રિયો લગણ આવે નહીં ત્યારે તેનું મન જીત્યું જાણવું.''

આમ જો ભોગવૃત્તિનો સંકોચ થવા માંડે તો મન પણ પૂર્ણ નિયંત્રણમાં આવી જાય છે. જે વ્યક્તિનું મન નિયંત્રણમાં હોય તેના માટે કશું શેષ રહેતું નથી.

સ્વામીનારાયણ ભગવાન પણ વચનામૃતમાં મણિરત્ન માલાનો સંદર્ભ આપીને કહે છે,

'જિતે જગત કેન મનો હિ ચેન' ''જેણે પોતાનું મન જીત્યું છે તેણે સર્વ જગત જીત્યું'' હા વાત સાચી છે. સમગ્ર જગતને જીતવું બહુ દુર્લભ છે પણ મનને જીતવું એનાથી દુર્ગમ છે.

મનુષ્યના વ્યક્તિત્વનો પ્રકાર ચંચળ મન પર નિયંત્રણ ક્ષમતા પરથી નક્કી થાય છે, મનને નિયંત્રણ

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

કરી અને કેળવીને અધ્યાત્મ મનુષ્યના વ્યક્તિત્વમાં પરિવર્તન લાવે છે. આથી જીવન બાહ્ય જગતમાં થતાં સતત પરિવર્તનોને અનુકૂળ થઈ સુમેળ પૂર્વક જીવવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

વ્યક્તિની પ્રતિષ્ઠા માટે આધ્યાત્મિકતાના નીતિ–નિયમો રચાયેલા છે. માટે અધ્યાત્મના સુક્ષ્મ અંગોનું સ્વરૂપ, સ્થાન અને એનાં કાર્યોનો અભ્યાસ કરી અને તેના દ્વારા મનને નિયંત્રિત કરવાની સમજણ મેળવવી અગત્યની બને છે. આધુનિક સમાજમાં આપણા જીવનનાં મોટાભાગનાં કામો મનની દોરવણીથી થતા હોય છે. એટલે વિવેકને બદલે લાગણીથી આપણે દોરવાઈને ઊંધે માર્ગે ચઢી જઈએ, જેમ કે અમુક કામ આપણને ગમે છે માટે કરતા હોઈએ છીએ. બુદ્ધિ અને હૃદય સાથે મેળ બેસતો નથી એટલે આપણા કાર્યોમાં વિવેક શક્તિને કશું સ્થાન નથી. પરંતુ કેવળ લાગણીઓ અને વૃત્તિઓને આધારે થયેલાં કર્મો આપણા સ્વાસ્થ્ય અને હિત માટે ખતરનાક અને દુ:ખદાયક નીવડે છે. આવે પ્રસંગે અધ્યાત્મ આપણી મદદે આવી બુદ્ધિને સતેજ કરવામાં મદદ કરે છે અને જીવનની દરેક ક્ષણે સાચું કાર્ય કરવાની વિવેકવૃત્તિ આપે છે. આમ વિવેકપૂર્વ થયેલ કર્મો ચેતનવંતા અને ઉત્પાદક છે અને આ વિવેક મનની સ્થિરતા વગર ન જ આવી શકે. મહાપુરૂષોની સફળતાની ચાવી આમાં જ રહેલી છે. લાગણીઓથી પર થઈ દરેક કર્મ પાછળ તેઓ આત્મ અને પરમાત્મા શક્તિને અનુસરતા હોય છે. એટલે જ તેઓ વિશ્વને પણ સ્થિર રાખી શકે છે. ...અસ્તુ !

(મો. : ૯૩૭૪૯૯૮૮૬૦)

• • •

(શિવ - વાર્તાલાપ..... પાના-૧૩ ઉપરથી ચાલુ)

બંસીભાઈ.. પણ તમારી દૃષ્ટિ તો નબળી છે અને વાંચવાની તકલીફ છે છતાં ?

શિ.... હા મારા સ્નેહી સંબંધી શ્રી ચિનુભાઈ મોદી તથા ઘરના સભ્યો પાસે અનુકૂળતાએ તત્વજ્ઞાન તથા અન્ય વિષયોના પુસ્તકોનું વાંચન કરાવું છું અને મનન કરું છું.

બંસીભાઈ... તમારા કાંઈક અડધો ડઝન ઉપરાંત પુસ્તકો પણ પ્રસિદ્ધ થયાં છે.

શિ... હા જે. કૃષ્ણમૂર્તિના પુસ્તકોના અનુવાદ અને મારા ચિંતન આધારિત કેટલાંક પુસ્તકો દેશી તથા વિદેશી પ્રકાશનોએ પ્રસિદ્ધ કર્યા છે. જે ઘણી યુનિવર્સિટીઓમાં પાઠ્યપુસ્તકો / સંદર્ભ ગ્રંથો તરીકે માન્યતા પ્રાપ્ત છે.

બંસીભાઈ... તમને નથી લાગતું કે આજના સાંપ્રત પરીપ્રેક્ષ્યમાં તમારું કેળવણીકાર તથા તત્વચિંતક તરીકેનું પ્રદાન જોતાં તમને જે ધનલાભ થવો જોઈએ તે થયો નથી અને તે મેળવવા તમે પ્રયત્ન પણ નથી કર્યો. અને સ્વૈચ્છિક રીતે સુદામાં બનવામાં તમને અને તમારા કુટુંબીજનોને રંજ તો નથી થતોને ?

શિ.... (હસીને) મને તો નથી જ થતો અને મારા કુટુંબીજનોને થાય છે કે કેમ તેની મને ખબર નથી ! અને ફરિયાદ નથી કરી.

બંસીભાઈ... તમને તમારા જીવનથી સંતોષ છે.

શિ... હા કારણ કે હું વર્તમાનમાં જીવું છું. આજે ૭૮ વર્ષની વયે પણ તંદુરસ્ત છું. મને મારા જીવનથી સંતોષ અને કોઈ ફરિયાદ નથી.

બંસીભાઈ... તમારો કોઈ જીવન સંદેશ છે ?

શિ.... (હસીને) શું વાત કરો છો ? હું કાંઈ એવી ઉંચી કક્ષાએ તો પહોંચ્યો નથી કે સંદેશ આપું. પણ હા એટલું જરૂર કહીશ કે **“live in positive”**.

મોઢ ચાંપાનેરી ન્યૂઝ તા. ૧.૩.૨૦૦૧

આજે સો વર્ષ પૂરા થાય છે, તેમના આશિર્વાદ સતત વહેતાં રહ્યા છે. કોટિ કોટિ વંદન ૨૨.૪.૨૦૨૨

• • •

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

## આત્માઓનો વિકાસ પથ વિશે

*પ્રસ્તુતિ*
ડૉ. શ્રી ઋતુરાજ પંડ્યા
*રેવા લોજ, વડોદરા*

આપણી આ સૃષ્ટિ આપણી માન્યતા અને વિચારોથીય કંઈક અધિક ચમત્કારિક અને વિશાળ છે. હર પળે એક નવું બ્રહ્માંડ અસ્તિત્વમાં આવી રહેલ છે. એવી એવી ઊર્જાઓ અને શક્તિઓ પણ મૌજુદ છે, જેના વિશે જાણવું હાલ આપણી સમજની ક્ષમતાની બહાર છે તેથી સંભવ નથી. આપણું સ્થૂળ ઈન્દ્રિયો એટલી વિકસીત નથી કે તે સુક્ષ્માતિસુક્ષ્મ વેવ્સને કેચ કરી શકે. અનુભવી શકે. આ બીલકુલ એવું છે કે આપણા ભૌતિક જગતમાં વાતાવરણમાં જાતજાતની વિવિધ ફ્રિક્વન્સીવાળી અનેક ધ્વનિઓ થઈ રહેલ છે. જેમાં અવકાશી, ગ્રહો, પીંડોના અવાજોથી માંડીને ચાલતી વિવિધ હલચલોના અવાજો તથા પક્ષીઓનાં અવાજો શામેલ છે. પરંતુ આપણે એમાંથી આપણી પ્રાકૃતિક ફ્રિક્વન્સી પ્રમાણેની ગ્રહણ કરી શકીએ છીએ કે જે આપણા માટે નોર્મલ છે. જ્યારે હકીકતમાં જેટલી ધ્વનિઓ આપણે સાંભળી શકીએ છીએ તેનાથી લાખો ગણી વધુ તથા તીવ્ર કે મંદ ધ્વનિઓ મોજુદ છે. પણ આપણા કાન તે શ્રેણીની ધ્વનિઓ પકડી શકવા સમર્થ નથી. બરાબર આવી જ હકીકત આપણી આંખો માટે છે. આ સ્થૂળ નેત્ર જે જોઈ શકે છે, તે ઘણીવાર સત્ય હોતું નથી. સ્થૂળ પદાર્થોની પાછળ રહેલ સુક્ષ્મતાને એક હદ સુધી જ જોઈ શકે છે તે પણ ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ દ્વારા; તેથી તેની પણ મર્યાદા છે. હજી સુક્ષ્મજગતની સુક્ષ્માતિસુક્ષ્મ ચેતનાઓને પકડી શકવા સક્ષમ નથી ત્યાં આંખોની મર્યાદા પણ પૂરી થઈ જાય છે.

પરંતુ આપણી આત્મચેતના (આત્મા) આ સુક્ષ્મ આયામોથી સારી રીતે પરિચીત છે. કેમ કે આત્મા આ દરેકે દરેક આરામોમાં સફર કરીને આવેલા છે. આપણે એક કરતા વધુ સૂર્યોવાળા ગ્રહો ઉપર પણ જન્મી ચૂક્યા છે, પણ તે અન્ય પશુ/પ્રાણીઓના સ્વરૂપમાં હોઈ શકે...! વાત માત્ર એટલી જ છે કે હાલ આપણે આ ભૂલી ગયેલ છે. તે માત્ર આપણા અપડેટ થયેલ સબ કોન્સીયસ માઈન્ડમાં સામેલ છે. આપણે ભૂલી ગયા છીએ કે સમયાતીત થવું એ શું છે...? તેનો અનુભવ કેવો હોય છે...? અનંતમાં અશીરીરી અવસ્થામાં વિચરવું તથા તેનો અનુભવ કેવો હોય ? વર્તમાન સમયની દૃષ્ટિએ જોઈએ તો કહી શકાય કે "મનુષ્ય એક ભટકી ગયેલ દેવાત્મા" છે. તેના મૂળ સ્વરૂપની ઉપર અનેકાનેક માન્યતાના, સંસ્કારોના, વિચારોના, થર જામી ગયા છે. પરંતુ આત્માને આ બધુ જ ખબર છે. આપણી ઉપર અનંત યાત્રાઓના થર અનંત જન્મોની યાત્રાઓનો થાક તેની સ્મૃતિઓ અકબંધ છે.

આપણા બધાયનું એક લાપત્તા અર્ધાંગ પણ છે...! જેને જન્મોજન્મોથી આપણે શોધીએ છીએ. એ ત્યાં મોજુદ છે. જ્યાં આપણું વાસ્તવિક ઘર છે, ત્યાં અનંતમાં...! આખરે ત્યાં જ આપણે પરત ફરવાનું છે તથા આપણી અધ્યાત્મિક યાત્રાનો અંતિમ પડાવ છે. "મૃત્યુ વાસ્તવમાં એક ભ્રમણા છે. તમારી સજાગતા જ કોન્સીયનસનેસ જ હાયર ડાઈમેન્સનમાં ટ્રાવેલ કરેલ છે. આ યુનિવર્સલ પ્રોસેસ છે. કોન્સેસીયસ યુનિવર્સનાં નિયમોને જ અનુસરે છે. મૃત્યુ એ એક આયામને છોડી બીજા આયામમાં કુચ કરી જવું તેજ છે, અહીં સ્કુટર આપણું વાહન છે તો ત્યાં કાર છે તેના જેવું છે. ત્યાં જવાથી આપણી ચેતના સમય ને સ્થળની સીમા માંથી મુક્ત થઈ જાય છે. ત્યાર બાદ તે તમામ પ્રકારની સુક્ષ્મ ઉર્જાઓને પકડવા સક્ષમ થઈ જાય છે. પરંતુ પૃથ્વી

**સ્વ. પિતાશ્રી મોતી જે. લાલવાણી તથા સ્વ. માતુશ્રી આલુબેન એમ. લાલવણીની શાશ્વત યાદમાં...**
**સૌજન્ય : કુ. માયા લાલવાણી તથા શ્રી મીનુ લાલવાણી**

ઉપરથી જનાર તમામ જીવાત્માઓ ફરી આ ધરતી ઉપર જ પરત ફરશે તેવું નથી. તે તો પોતાની પ્રગતિને વિકાસ અનુસાર આ વિશાળ સૃષ્ટિમાં ઉપલબ્ધ તમામ પ્રકારની પાઠશાળાઓમાં જઈ શકે છે. કોને કયાં કયાં વિષયમાં એડમિશનની જરૂર છે તે કર્મસત્તા તથા અસ્તિત્વનાં નિયમો નક્કી કરે છે.

બીજા શબ્દોમાં કહીએ તો બધા જ બ્રહ્માંડો અને બધા જ આયામોમાં રહેતી ''આત્મા''ઓ એક જેવી જ છે.હા એમના દ્વારા ધારણ કરાયેલ શરીર અવશ્ય ભિન્ન હોય છે. શરીરનાં મૃત્યુ બાદ જ્યારે આત્માઓ અશરીરી આયામમાં પ્રવેશ કરે છે તેને ફરી પરમાનંદનો અનુભવ થવા માંડે છે અને પોતાને ખૂબ જ ઉર્જાવાન અનુભવ કરે છે. અહીં આવીને તેને પોતપોતાના સાથી સંબંધીનાં આત્માને મળે છે. અહીં રહીને જ તેને પાછલા જન્મમાં કરેલ સાચા/ખોટા કર્મોનો બોધ થાય છે અને આગળના જન્મની યોજનાની રૂપરેખા તૈયાર થાય છે.

આપણા બધાયનું વાસ્તવિક અર્ધાંગ સંભવ છે કે કોઈ કાર્મિક એકાઉન્ટમાં હિસાબકિતાબ અધૂરો રહેવાના કારણે બંને તેનો પાઠ શીખવા અલગ અલગ જગ્યાઓએ જન્મ લેવા મજબુર હોય છે. પરંતુ આ જુદાઈ હંમેશાને માટે નથી હોતી. અંતતઃ જન્મ અને મૃત્યુના ચક્રમાંથી મુક્ત થયા બાદ તે હંમેશા માટે એક થઈ જશે. આત્મા પરમાત્માનો જ અંશ છે. આ દ્વૈત મનુષ્ય દ્વારા જ ઊભું કરાવેલ છે. જે પોતાની વ્યવહારની અનુકૂળતા માટે છે, પરંતુ એકના એક દિવસે આ આંખો પર બાંધેલી પટ્ટી ખૂલશે અને દ્વૈત હંમેશાને માટે દૂર થશે.

આપણો વિવિધ જગ્યાઓએ જન્મ લેવાનો એકમાત્ર ઉદ્દેશ્ય ''આપણા માટે નિર્ધારીત સબક (લેશન્સ) શીખવાનો જ છે અને દરેક અનુભવ એજ સબક (લેશન)નો હિસ્સો છે. આપણે અધ્યાત્મિક અનુભવ લઈ રહેલા મનુષ્ય નથી પરંતુ વાસ્તવમાં આપણે મનુષ્ય જીવનનો અનુભવ લઈ રહેલ અધ્યાત્મિક સત્તાઓ છે. અધ્યાત્મિક સત્તાઓ સમય, સ્થાન અથવા ભૌતિક શરીરની સીમાઓથી મુક્ત હોય છે. આ રીતે સ્વતંત્રતા અસાધારણ જણાય છે, પરંતુ આજ આપણી સ્વભાવિક અવસ્થા છે. આજ આપણું સત્ય છે જેને આપણે ભૂલી ગયા છે. અધ્યાત્મિક વિકાસક્રમમાં આપણે હજી નીચેના પગથીયાં ઉપર છીએ. એવી આત્માઓના સ્પંદન ભારે અથવા નકારાત્મક હોય છે. જેમ કે સ્કૂલમાં કોઈક કોઈક શેતાની ઉદંડ સ્ટુડન્ટ હોય છે પણ એ કારણે એને દુષ્ટ ના કહી શકાય, પરંતુ એ હજુ પાઠશાળાનાં અનુશાસનમાં ઢળેલ નથી, હજી પરિપક્વતા નથી આવી; જે ઉંચી કક્ષાના સ્ટુડન્ટોમાં હોય છે. પરંતુ સમય તેઓને બધુ જ સમય આવે શિખવાડી દેશે, જેથી એકને એક દિવસ એમને પણ અધ્યાત્મિક સબક (લેશન) શીખીને વિકસીત થવું જ પડશે.

બ્રહ્માંડીય વ્યવસ્થામાં 'સમય'ને મિનિટ, કલાક કે દિવસોમાં માપવામાં નથી આવતો, પરંતુ તમારા વર્તમાન જીવન માટે નિયત થયેલ લેશન્સ (સબક) તમે શીખી લીધા છે કે નહીં ? જ્યાં સુધી આપણને આપવામાં આવેલ નિર્ધારીત લેશન નથી શીખતા; ચાહે પછી એમાં કેટલાય જન્મો અને કેટલીય શતાબ્દીઓ થાય; ત્યાં સુધી આપણે વાસ્તવિક વિકાસમાં એક ઈંચ પણ આગળ નથી વધી શકતા; ત્યાં સુધી સમય આપણા માટે રોકાયેલોજ રહેશે.

પ્રબદ્ધ, જાગૃત આત્માઓ જે સુક્ષ્મ આધ્યાત્મિક આયામો પ્રતિ જાગૃત હોય છે અને સારી પેઠે જાણતી હોય છે કે જીવન જન્મ જન્માંતર સુધી વિસ્તારીત છે તથા એક જન્મમાં કરેલ હિસાબ આવનાર જન્મોમાં આપવાનો છે. તેથી પોતાના સંપર્કમાં આવનાર સમસ્ત જીવોના દુઃખ દૂર કરવા / સુરક્ષાર્થે તથા તેના પોષણાર્થે સંસારના દુઃખ/સંતાપોને દૂર કરવા પ્રયાસરત રહે છે.

• • •

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)


સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત

# શિવ - વાર્તાલાપ

પ્રસ્તુતિ
**શ્રી દર્શન મોદી**
*મંત્રી. ગુજ. થિયો. ફેડ.*

**(મુ. સ્વ. શિવલાલના શતાબ્દી જન્મદિવસ**
**૨૨.૦૪.૧૯૨૨ નિમિત્તેનો ચિંતનાત્મક વાર્તાલાપ)**

શ્રી શિવલાલ અમૃતલાલ સુંદરાવાળા (એક ચિંતક વિદ્યાપુરૂષ)
મુલાકાત લેનાર : શ્રી બંસીભાઈ જાડાવાળા, શ્રી કિશોરભાઈ સુંદરાવાળા


સ્વ. શિવલાલ મોદી

સને ૧૯૨૨ માં જન્મેલા અને હાલ ૭૮ વર્ષનું આયુ ધરાવતા આપણી જ્ઞાતિના એક ચિંતક વિદ્યાપુરૂષ શ્રી શિવલાલ અમૃતલાલ મોદી (સુંદરાવાળા) પ્રજ્ઞાચક્ષુ છે પણ ખરા, નથી પણ ખરા ! આમ પણ આપણે તત્વચિંતકોને પામી શક્યા છીએ ખરાં ? આમ ઘણી નાની વયથી જ અનહદ વાંચનનો શોખ ધરાવનાર શ્રી શિવલાલની આંખોની રોશની લગભગ દોઢ–બે દાયકાથી ચાલી ગઈ છે. આ અર્થમાં તો શ્રી ને પ્રજ્ઞાચક્ષુ કહી શકાય ! પણ તેમણે તત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, ભાષા, સાહિત્ય અને વિજ્ઞાન ઈત્યાદી વિષયોનો જે તલસ્પર્શી અભ્યાસ કર્યો છે તથા સત્ત, મનનચિંતન ઈત્યાદીને કારણે આ ભૌતિક વિશ્વની પેલે પાર પણ જોવાની, વિચારવાની જે દૃષ્ટિ પ્રાપ્ત કરી છે તેવી વ્યક્તિને પ્રજ્ઞાચક્ષુ કેમ કહી શકાય ?


ખાસ પૂજા પ્રસંગે


સ્વ. કાંતાબેન શિવલાલ મોદી
જ.તા. ૧૯.૪.૧૯૨૨

તો ચાલો આજે આપણે આપણી જ્ઞાતિની એવી વિરલ વ્યક્તિને મળીએ કે જેને પ્રસિદ્ધિનો મોહ નથી, શરમાળ છે, અને આંતરમુખી છે. કિશોરભાઈ કાકા... આવી એ કે ?

શિ... આવો આવો કિશોરભાઈ,

સાથે બંસીભાઈ પણ આવ્યા છે ને ! તેઓ રેડિયો અને ટી.વી. માટે પણ લખે છે ?

શિ. હા... હા...

પણ આપણી જ્ઞાતિની વ્યવસ્થાપક કમિટીના ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ફડિયા પણ આવ્યા છે.

શિ. આવો... આવો... બેસો કેમ આવવાનું થયું ?

કાકા ... મોઢ ચાંપાનેરી ન્યૂઝ માટે આપનો ઈન્ટરવ્યુ લેવો છે અને તે માટે હું બંસીભાઈ અને ભૂપેન્દ્રભાઈ ફડિયા આવ્યા છે.

શિ. ...અરે ભાઈ ! મારામાં એવું કશું નથી કે તમારે મારો ઈન્ટરવ્યુ લેવો પડે !

બંસીભાઈ ... કાકા પેલી કાવ્ય પંક્તિ નથી કે, “હીર કભી ન મુજસે કહે, લાખ હમર મૂલ” એ તો તમારી નમ્રતા છે. બાકી તમારા જ્ઞાન અને ચિંતનના વ્યાખ્યાનો ગોઠવાય છે. અને વિદ્વાન સમાજમાં પ્રશસ્તિ થાય છે.

શિ. ... (હસીને)... ના... ના... ના... એવું કાંઈ નથી. આ થોડું ઘણું વાંચ્યું છે એટલું જ ! કાકા તમારો અભ્યાસ કેટલો ?

બંસીભાઈ... સને ૧૯૩૮ માં મેટ્રિક પાસ કરી !

પછી આગળ કૉલેજ જોઈન્ટ ન કરી ?

શિ. ના. જ્યારે પણ ગુજરાત કોલેજ પાસેથી પસાર

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

થાઉં ત્યારે વસવસો જરૂર થાય... કુટુંબની વિષમ આર્થિક સ્થિતિને કારણે ડિગ્રી કોર્સ માટે તે કોલેજમાં દાખલ ન થઈ શક્યો.

બંસીભાઈ ! તો પછી એક સારા વિદ્વાન શિક્ષક કઈ રીતે થયા ?...

શિ. ખરું પૂછો તો શિક્ષક નહતો થવાનો, કારણ કે મેં નોકરીની શરૂઆત ડ્રોઈંગ ટિચરથી કરી હતી. મેટ્રિક સુધી મારા અભ્યાસ દરમિયાન મને થોડુંક ડ્રોઈંગ આવડતું હતું. એટલે ડ્રોઈંગની ઈન્ટરમીડીએટ સુધીની પરીક્ષા પાસ કરી હતી. એટલે મને ડ્રોઈંગ ટીચરની નોકરી આસાનીથી મળી ગઈ. આશ્ચર્યજનક કહેવાય.

શિ. ... હસીને અરે ભાઈ આ' તો કાંઈ નથી. અન્યથા મુસ્લિમ વસ્તીવાળી પટવાશેરીમાં જન્મ અને ઉછેર, પિતાશ્રીની લાંબી માંદગી, માતા દૂધ અને પાપડ વણી ઘર ચલાવે, દેશ ભક્તિની ભાવના એટલે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધેલો. મુસ્લિમ મિત્રો સાથે મહોરમ, ઈદ જેવા તહેવારોમાં, વ્યાયામ પ્રવૃત્તિઓમાં, હરવા ફરવા અને રખડવાનો પણ શોખ.

બંસીભાઈ... આમ છતાં તમે એક સફળ શિક્ષક અને ચિંતક કઈ રીતે થયાં ?

શિ. .... છે ને બધુ આશ્ચર્યજનક ! પણ અહીં એક વાત કહેવાની કે મને નાનપણથી વાંચવાનો શોખ ! એટલે વેકેશનમાં ટોળ-ટપ્પામાં દિવસો ન બગાડતાં જુદા જુદા વિષયોના પુસ્તકો વાંચતો ! ઉપરાંત મારા પિતાશ્રી સાથે બગીચાઓમાં જતો; જ્યાં જુદા જુદા વિષયના વિદ્વાનોને મળવાનું થતું. તેમની વાતો સાંભળવાની તથા વાત-ચિત્ત અને ચર્ચા-વિચારણા કરવાની મળતી... અને તેમ ઘડાતો ગયો. શિ.... એમ કહી શકાય.

બંસીભાઈ... આમ તમે નાનપણથી વિદ્યાવ્યાસંગી એટલે બુક-વર્મ તો ખરાં જ !

શિ. ...ના બંસીભાઈ, એવું નથી. એ સમયે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ દેશની આઝાદીની ચળવળો ચાલતી હતી એટલે પંડિત જવાહરલાલ નહેરુ, સરોજીની નાયડુ, સરદાર વલ્લભભાઈ પટેલ વિગેરે નેતાઓ અહીં આવતા ત્યારે તેમના ભાષણો સાંભળવા જતો, અને તેમાંથી પ્રેરણા લઈ બોમ્બ બનાવવા જેવી ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ઘાતક શસ્ત્રોની હેરાફેરીમાં ભાગ લીધો. ગુપ્ત પત્રિકાઓની હેરાફેરી કરી છે. કાંકરીયા તળાવની આસપાસના નિર્જન વિસ્તારમાં બોમ્બ બનાવી તેની ચકાસણી કરવાની, કેમ્પના હનુમાન પાસેના મીલીટરી વિસ્તારમાં વેશપલટો કરી મિસ્ટીક હિલચાલ પર દેખરેખ રાખવાના પ્રયાસો કર્યા છે. માંડવીની પોળ વિસ્તારમાં યુવામિત્રો સાથે રહી ચળવળની ગુપ્ત પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે અને ખાસ એ જણાવવાનું કે આ લડતમાં મુસ્લિમ બિરાદરોએ પણ ખભે ખભા મિલાવી સાથ આપ્યો છે અને બંસીભાઈ, ખાસ તો એ કહેવાનું કે તમારા પિતાશ્રી લક્ષ્મીચંદ માધવજી જાડાવાળા સ્વતંત્ર ઉમેદવાર તરીકે મ્યુનિસિપાલીટીની ચૂંટણી લડતાં, ત્યારે તેમના પ્રચારમાં પણ ઉમંગભેર ભાગ લીધો છે અને એ પણ યાદ છે કે સને ૧૯૩૮ના અરસામાં શ્રી સુભાષચંદ્ર બોઝ અમદાવાદ પધાર્યા ત્યારે તમારા પિતાશ્રીએ અમદાવાદ મ્યુ. અને શહેરની સ્વાગત સમિતિ તરફથી રેલ્વે સ્ટેશન પર સ્વાગત કર્યું હતું અને તેમના ભાષણ ઈત્યાદી કાર્યક્રમોમાં તેમની સાથે હતો.

બંસીભાઈ... તમે કોઈ રાજકીય પક્ષમાં જોડાયા હતા ?

શિ. ...થોડા સમય માટે સામ્યવાદી પક્ષમાં જોડાયો હતો અને શ્રીમતિ સરલાદેવી સારાભાઈ, શ્રી અચ્યુત પટવર્ધન, શ્રી રોહિતભાઈ મહેતા વગેરે સાથે રહી સભા ભરતાં અને ગ્રામ સેવાના કાર્યો તથા શ્રમયજ્ઞોમાં ભાગ લેતાં.

બંસીભાઈ... તો પછી રાજદ્રોહી પ્રવૃત્તિઓમાંથી શિક્ષણ ક્ષેત્રે કેવી રીતે આવ્યાં ?

શિ. અગાઉ જણાવ્યું તમે શાળામાં ડ્રોઈંગ ટીચર

**મહાસૌજન્ય : ગુજ. થિયો. ફેડ. મંત્રી શ્રી દર્શનભાઈ મોદી તરફથી રૂા. ૫૦૦/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને પોતાના માતા-પિતાના જન્મ શતાબ્દિ વર્ષ નિમિતે પ્રાપ્ત થાય છે. ખાસ અભિનંદન !**

તરીકેની નોકરી મેળવ્યા બાદ તેજ શાળામાં શિક્ષકની ખાલી જગ્યા પડતાં તે જગા પર મારી નિમણૂંક થઈ અને ત્યારથી શિક્ષક બન્યો.

બંસીભાઈ... તમે માત્ર મેટ્રિકની પરીક્ષા ઉત્તિર્ણ કરી હોવા છતાં હાઈસ્કૂલ લેવલે ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ સુધીના વર્ગોમાં શિક્ષણ કાર્ય કર્યું તો તમને વિદ્યાર્થીઓને ભણાવવામાં કાંઈ મુશ્કેલી ન પડી ? કારણ કે આપણી શિક્ષણ પદ્ધતિમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના જે તે વિષયોમાં પણ સ્પેશ્યલાઈઝેશનની વાડાબંધી છે.

શિ. ના કારણ કે નાનપણથી વાંચવાનો શોખ. પરિણામે મગજ રૂપી કોમ્પ્યૂટરમાં જ્ઞાન તો સંગ્રહાતું ગયું અને મારા મતે આ જુદા જુદા વિષયોમાં સ્પેશ્યલાઈઝેશનની જરૂર શું છે ? જ્ઞાન તો અગાધ છે તેને વાડાબંધી શું ?

બંસીભાઈ... સંસ્કૃત શુભાષિતમાં નથી કહ્યું કે "સા વિદ્યા : વિમુક્ત્યે" એટલે શિક્ષકે તો કોઈપણ વિષય શીખવવા તૈયાર રહેવું જોઈએ ! શું આ શક્ય છે ?

શિ. હા. શિક્ષકે તે માટે માનસિક રીતે સજ્જ રહેવું જોઈએ. અમારા સમયમાં બી.એડ્.એમ.એડ્ ઈત્યાદીનાં શિક્ષણ માટે આટલી બધી કોલેજો ન હતી અને શાળામાં જો શિક્ષક ગેરહાજર હોય તો તેની બદલીમાં જે તે વિષય ભણાવવા જવું પડતું. માટે શિક્ષણના વ્યવસાયમાં પહેલા દરેક વ્યક્તિએ અભ્યાસ દ્વારા સુસજ્જ તો રહેવું જ જોઈએ. એટલે મારી અનુકૂળતાએ હિન્દી વિનીત સેવક મોટેન્સરી શિક્ષણ ઈત્યાદી અભ્યાસ કરતો ગયો. કારણ કે હું માનું છું કે જો શિક્ષક પાસે જ જેને વિષયનું જ્ઞાન નહિ હોય તો તે વિદ્યાર્થીને ક્યાંથી શીખવી શકવાનો છે.

બંસીભાઈ... એટલે કે શિક્ષક પણ આજીવન વિદ્યાર્થી જ છે ?

શિ. સાચી વાત છે કારણ કે જ્ઞાન, વિજ્ઞાન, શિક્ષણને કોઈ સીમા તો છે નહીં. તમે જેટલા કદમ આગળ ચાલશો તેટલી ક્ષિતિજ દૂર જવાની છે.

બંસીભાઈ... આ માટે શું કરવું જોઈએ ?

શિ. શિક્ષકે જાણીતા શિક્ષણ શાસ્ત્રીઓનાં સંપર્કમાં રહેવું જોઈએ. મારૂ એટલું સદ્‌ભાગ્ય હતું કે હું શ્રી ગિજુભાઈ, આપણા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનશ્રી બલવંતરાય મહેતાના ભાઈ શ્રી ભૂપતરાય મહેતા, શ્રીમતિ ઈન્દુબેન મહેતા જેવા શિક્ષણ વિદ્વાનોનાં સંપર્કમાં આવ્યો હતો.

બંસીભાઈ... તમે તમારા જીવન કારકીર્દિ એક ચિત્ર શિક્ષકથી શરૂ કરી, નાના મોટા પ્રવાસો કરનાર એક જિપ્સી, ક્રાંતીકારી, રાજકારણી, શિક્ષણશાસ્ત્રી સુધીની ઘડી પણ એક દાર્શનિક - તત્વચિંતક કેવી રીતે થયાં ?

શિ. બંસીભાઈ, હું નથી દાર્શનિક - તત્વચિંતક ! હું કાંઈ જ નથી. પણ માણસશાસ્ત્ર, તત્વજ્ઞાન ઈત્યાદીના વાંચનને કારણે અજ્ઞાન મનમાં ચિંતનનાં વિચાર બીજ વવાયા હતા. પણ થિયોસોફિકલ સોસાયટી વિષે અને જે. કૃષ્ણમૂર્તિના તત્વચિંતન વિષે સાંભળ્યા બાદ, વાંચ્યા બાદ તેમના પ્રત્યે આકર્ષાયો અને ઊંડો ઉતરતો ગયો.

બંસીભાઈ... પણ એવું તે તમને શું આકર્ષક લાગ્યું કે તમે થિયોસોફિકલ સોસાયટીના ઉપક્રમે જે. કૃષ્ણમૂર્તિના વ્યાખ્યાનો સાંભળવા તમારી નોકરી, તમારી આમદનીનાં ભોગે પણ દર વર્ષે મદ્રાસ દોડી જતાં હતા અને આજે જૈફ વયે દૃષ્ટિ કામ નથી કરતી છતાં તે તરફનું આકર્ષણ રહ્યું છે.

શિ. આ વિષય ઘણો ઉંડો અને ગહન આર્વિભાવ અને લાગણીનો છે છતાં ટૂંકમાં કહું તો (૧) પ્રજા, ધર્મ ઈત્યાદીના ભેદ ભૂલી વિશ્વબંધુત્વ વાસુધૈવ કુટુંબની ભાવના કેળવવી. (૨) જુદા જુદા ધર્મો, તત્વજ્ઞાન, વિજ્ઞાનનો સમન્વય સાધી તેના અભ્યાસને ઉત્તેજન આપવું અને (૩) કુદરતના નહિ સમજાયેલા નિયમો અને મનુષ્યમાં રહેલી ગુપ્ત શક્તિઓનું સંશોધન કરવું. એટલે આજે પણ જે. કૃષ્ણમૂર્તિના ચિંતનને અનુલક્ષી જે કાંઈ થોડું કામ થાય તે કરું છું.

*(અનુસંધાન પાન-૦૮ ઉપર)*

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**

**ભાવનગર લોજ**

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

**(મૂળ લેખક : પી.કૃષ્ણા, ● અનુવાદક : શ્રી હર્ષદ દવે)**

*પ્રસ્તુતિ*

શ્રી હર્ષદ દવે
*રેવા લોજ, વડોદરા*

*ગતાંકથી આગળ...*



આ સંવાદને મેં પ્રકરણ ૩ માં સંપૂર્ણપણે અક્ષરશઃ ટાંક્યું છે. જ્યારે જ્યારે કોઈ તેમને આ પ્રકારનો પ્રશ્ન પૂછતું ત્યારે તેઓ નવેસરથી તેમાં ઊંડા ઊતરી સંશોધન કરતા હતા, પોતાના પહેલાનાં જ્ઞાન કે નિર્ણયને વચમાં લાવ્યા વગર સાવ નવું જ અવલોકન શરૂ કરતા હતા. તેમની તપાસમાં ભાષાના ઉપયોગ સિવાય સ્મૃતિનો કોઈ ઉપયોગ નહોતો થતો. તેમણે આ રીતે કરેલી તપાસ, 'અંતઃદ્રષ્ટિ જાગ્રત થાય એ માટે શું અહંથી પૂરેપૂરું મુક્ત થવું જરૂરી છે એની મને ચોક્કસપણે ખબર ન હતી, અથવા શું અંતઃદ્રષ્ટિ એટલી પ્રખર હોઈ શકે કે જે અહમ્‌નો પણ નાશ કરી દે ?' એવું તો શક્ય નથી કે એક પહેલાં થાય અને બીજું પછી, પણ શું અંતઃદ્રષ્ટિ (ઈન સાઈટ) અને અહંથી મુક્તિ બંને એક સાથે થઈ શકે ? તેમનું બધું જ શિક્ષણ ધીમે ધીમે સમયની સાથે સત્ય તરફ પ્રગતિ કરવાનો નિષેધ કરે છે. તેમણે ક્યાંક લખ્યું છે કે સત્ય મનમાં ચોરની જેમ ઘુસી જાય છે.

જ્યારે મેં તેમને એમ પૂછ્યું કે, 'સર, શું તમે ક્યારેક અહમ્‌ના ક્ષેત્રમાં હતા અને તેમાંથી બહાર નીકળી આવ્યા કે પછી પહેલેથી જ તમે તેની બહાર હતા ?' ત્યારે તેમણે કહ્યું, 'હું પણ એ પ્રશ્ન પૂછું છું ! તેઓ પણ એ પૂછતા હતા કે કૃષ્ણમૂર્તિ નામનો બાળક, જે થિયોસોફિકલ સોસાયટીમાં મોટો થયો તે બીજા લોકોની જેમ કેમ એ વિચારોથી બંધાઈ ન ગયો ? નવીકરણ માટે જે જરૂરી છે તે મોકળાશ (નિખાલસતા) તેની અંદર ક્યાંથી આવી ? જ્યારે તમે એક બાળકને દલાઈ લામા બનાવવા માટે મોટો કરો તો તે દલાઈ લામા બની જાય છે. તેથી તેમના માટે એક મહાન થિયોસોફિસ્ટ બની જવાનું અથવા એ સોસાયટીના પ્રમુખ બની જવું બહુ સ્વાભાવિક ગણાત. પણ તે બાળક એકદમ અલગ જ અને નવી જ દિશામાં કેવી રીતે આવી ગયો ? બીજાં બધાં બાળકો તો પોતાના ભૂતકાળ સાથે જોડાયેલા રહે છે. આ પ્રશ્ન હજુ સુધી અનુત્તરિત છે.

મેં તેમને પૂછ્યું કે શું અહં મુક્ત ન હોય તેવો કોઈ પણ માનવી ખરાબ માણસ છે ? તેઓ તરત જ બોલ્યા, 'નહીં, એવું નથી. તેની અંદર ખરાબ હોવાની ક્ષમતા છે.'

મને એવું સમજાયું કે મારી અંદર જેટલો અહં ભર્યો હોય એટલી મારામાં ખરાબ હોવાની સંભાવના છે.

તેમની જીવનકથા પરથી આપણે જાણીએ છીએ કે ૧૯૨૫ માં જ્યારે તેઓ ૩૦ વર્ષના હતા ત્યારે તેમના ભાઈના મૃત્યુના સમાચાર તેમને ભારત જતી વખતે જહાજમાં મળ્યા હતા અને તેથી તેમને ઊંડો આઘાત લાગ્યો હતો. પણ જ્યારે તેઓ ભારત આવ્યા ત્યારે તેમનું મન એકદમ શાંત હતું અને તેઓ એ

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

દુઃખમાંથી બહાર આવી ગયા હતા. તેમણે તે સમયે તેમના એક મિત્રને લખ્યું, 'જ્યાં સુધી આપણી ચેતનામાં અહમ્ રહેલો હોય ત્યાં સુધી મૃત્યુ, એકલવાયાપણું અને અંગત દુઃખની અનુભૂતિ રહે છે. મેં એ અવરોધ પાર કરી લીધો છે. મેં મૃત્યુને હાથતાળી આપી છે !' તેનો અર્થ હું એમ સમજ્યો કે ભાઈનું મૃત્યુ તેમને દુઃખના બંધનમાં બાંધવા માટે આવ્યું હતું પરંતુ તેમણે તેને બાંધવા ન દીધું. એ ચેતનાની કઈ ગુણવત્તા છે જે અનુભવે ભ્રમને ગ્રહણ કરવાને બદલે સત્યને જોઈ શકે છે અને પોતાને તેનાથી મુક્ત કરી લે છે ? આ પ્રજ્ઞાને કૃષ્ણજી 'ઇન્ટેલિજન્સ' કહે છે. જેને લોકો 'ઇન્ટેલિજન્સ' સમજે છે તે તો કેવળ ચતુરાઈ છે.

એકવાર કોઈએ કૃષ્ણજીને કહ્યું, 'તમે બહુ જ ભાગ્યશાળી હતા જેથી તમને લેડબિટર અને એની બેસન્ટ જેવા શિક્ષકો મળ્યા.' તેમણે કહ્યું, 'જી હા, હું બહુ જ ભાગ્યશાળી હતો.' તે માણસે કહ્યું, 'અમે લોકો તો એવા ભાગ્યશાળી નથી, સાધારણ હોય એવું શિક્ષણ મેળવીએ છીએ, અમને સત્યની અનુભૂતિ કેવી રીતે થાય ?' કૃષ્ણજીએ જવાબ આપ્યો, 'સર, હું એટલા માટે ભાગ્યશાળી હતો કે જે કાંઈ તેઓએ કહ્યું તે એક કાનેથી અંદર આવીને બીજા કાનેથી બહાર નીકળી ગયું !' તેઓ પોતાના શિક્ષકોની નિંદા નહોતા કરતા. તેઓ જણાવી રહ્યા હતા કે તેઓ એ વિચારોથી બંધાયા નહીં. તેમના શિક્ષણનો એક મહત્ત્વનો મુદ્દો એ છે કે સત્યને તમે કોઈ ગુરુ પાસેથી પ્રાપ્ત નથી કરી શકતા. તેને સ્વયંની અનુભૂતિથી જ પ્રાપ્ત કરી શકાય છે, નહીં તો તેનો સ્વ-બોધ નથી થતો.

શું આ દેશમાંથી બ્રાહ્મણ અદૃશ્ય થઈ ગયો છે ?

તેઓ વારાણસીની મુલાકાતે છેલ્લે ઓક્ટોબર, ૧૯૮૫માં આવ્યા હતા. ત્યારે એક દિવસ તેમની સાથે ભોજન કરતી વખતે તેમણે મને આ પ્રશ્ન પૂછ્યો : 'સર, શું આ દેશમાંથી બ્રાહ્મણ અદૃશ્ય થઈ ગયો છે ?' તેઓ ઘણીવાર એવા પ્રશ્નો પૂછતા હતા જે બીજા કોઈ ન પૂછે. મેં કહ્યું, 'તેનો આધાર એ વાત પર છે કે તમે બ્રાહ્મણ શબ્દનો શો અર્થ કરો છો. અહીં તો લગભગ એક ચતુર્થાંશ લોકો પોતાને બ્રાહ્મણ માને છે.' તેમણે કહ્યું, 'નહીં સર જન્મથી (બ્રાહ્મણ) નહીં, એ તો સાવ બાલીશ વાત છે. તમે જાણો છો કે બ્રાહ્મણ એટલે શું ?' મેં પૂછ્યું, 'તમે તેનો શો અર્થ કરો છો ?' જવાબમાં તેમણે આ કિસ્સો સંભળાવ્યો :

'જ્યારે સિકંદરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે પોરસ નામના રાજાએ તેની સાથે યુદ્ધ કર્યું. તે હારી ગયો પણ સિકંદર જ્યારે તે શહેરમાં ઘુસ્યો ત્યારે તેણે જોયું કે ત્યાં બધું જ વ્યવસ્થિત હતું, ઘરોના દરવાજા ખુલ્લાં હતાં પણ કોઈ ચોરી જેવા ગુનાઓ નહોતાં થતાં, રસ્તાઓ એકદમ સ્વચ્છ હતા અને લોકો ખુશ જોવા મળતા હતા. તેથી તેણે પૂરુને પૂછ્યું કે તેમના શહેરની વ્યવસ્થાની જવાબદારી કોણ સંભાળતું હતું ? પોરસે કહ્યું કે મારો એક મંત્રી કે જે બ્રાહ્મણ હતો તે એ જવાબદારી સંભાળતો હતો. સિકંદરે કહ્યું, 'હું તેને મળવા ઈચ્છું છું.' રાજાએ કહ્યું, કારણ કે અમે યુદ્ધમાં હારી ગયા, તેણે આ જવાબદારી છોડી નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે અને તે પોતાને ગામ જતો રહ્યો છે.' સિકંદરે કહ્યું, 'તેને બોલાવો, હું તેને મળવા માગું છું.' એક વ્યક્તિને તેને ગામ તેને બોલાવવા માટે મોકલવામાં આવ્યો. તે વ્યક્તિ બે દિવસ પછી પાછો

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

આવ્યો અને તેણે કહ્યું, 'તે એમ કહે છે કે હવે તે રાજાની નોકરી કરતો નથી, અને એક બ્રાહ્મણ કોઈ પાસે નથી જતો.' સિકંદરને જ્યારે એ કહેવામાં આવ્યું ત્યારે તે બોલ્યો, 'કાંઈ વાંધો નહીં. હું તેની પાસે જઈશ.' સિકંદરને તેને ગામ લઈ જવામાં આવ્યો. શોધવાથી તેને ખબર પડી કે તે એક વૃક્ષ નીચે બેસીને ત્રણ બાળકોને કાંઈક શીખવી રહ્યો છે. તેને કહેવામાં આવ્યું કે સિકંદર તેને મળવા આવ્યા છે. તેને ઊંચું જોઈને પૂછ્યું, 'જી, હું તમારા માટે કાંઈ કરી શકું તેમ છું ?' સિકંદરે તેને પૂછ્યું, 'શું તમે જ પૂરુ રાજાના મુખ્ય મંત્રી હતા તે જ બ્રાહ્મણ છો ?' બ્રાહ્મણે કહ્યું, 'જી.' 'તમે તમારા રાજ્યમાં ખૂબ જ ઉત્તમ વ્યવસ્થા સ્થાપિત કરી હતી.' 'આભાર,' સિકંદરે કહ્યું, 'તમે મારી સાથે આવો હું તમને મારા રાજ્યનો વજીર બનાવીશ. તમે મારી બધી સેનાઓના વડા થશો. તમને એથેન્સનો સહુથી શાનદાર મહેલ રહેવા માટે આપવામાં આવશે. તમે મારી સાથે આવશો ?' બ્રાહ્મણે જરા વિચાર્યું અને પછી કહ્યું, 'ક્ષમા કરજો, હું આ બાળકોને ભણાવવા ઈચ્છું છું.'

આ કિસ્સો સંભળાવીને કૃષ્ણજીએ મને કહ્યું, 'સર, સાચો બ્રાહ્મણ આવો હોય છે. તેને કોઈ ખરીદી નથી શકતું. તે એ જ કરે છે જે તેને સાચું લાગે છે. એ જાણીને, હવે કહો કે શું આ દેશમાંથી બ્રાહ્મણ અદૃશ્ય થઈ ગયા છે ?' મેં કહ્યું, 'ખબર નથી સર, કદાચ હિમાલયમાં ક્યાંક કોઈ હોય તો હોય, પરંતુ મને તો કોઈ એવો મળ્યો નથી.'

આ સાચું ન હતું, હું તેમને તો મળ્યો હતો !

શું આ દેશમાં કાંઈ એવું છે ખરું જે અસાધારણ હોય ?

બીજા એક દિવસે તેમણે મને પૂછ્યું, 'શું આ દેશમાં કાંઈ એવું છે ખરું કે જે અસાધારણ હોય ?

મેં કહ્યું, 'કદાચ અહીંના લોકો વચ્ચેનો એ સ્નેહ જે લોકોમાં આજે પણ છે; પરંતુ એવું તો ન કહી શકાય કે તે એટલા પ્રમાણમાં બીજે ક્યાંય નથી.' તેમણે કાંઈ ન કહ્યું. તેઓ ઘણીવાર આ રીતે પ્રશ્ન કરીને તેને છોડી દેતાં હતાં જેથી બીજી વ્યક્તિ તેના પર મનન કરી શકે. થોડા દિવસ પછી જ્યારે હું તેમને ફરીવાર મળ્યો ત્યારે તેમણે કહ્યું, 'હું કહું કે આ દેશમાં હજુ પણ વિશિષ્ટ શું છે ?' મેં કહ્યું, 'હા.' ત્યારે તેઓ બોલ્યા, 'હું આખી દુનિયામાં ફર્યો છું અને મેં કાળજીપૂર્વક અવલોકન કર્યું છે. આ જ એક દેશ એવો રહ્યો છે જ્યાં હજુ સુધી એક ગરીબ માણસ પણ હસતો હોય છે. આ ગુણ પણ આપણે ગુમાવી રહ્યા છીએ, પણ હજુ થોડોઘણો શેષ રહ્યો છે.' મને સમજાયું નહીં કે કદાચ બીજા દેશોમાં ગરીબ માણસ ચીડિયો અને ક્રોધિત રહેતો હશે.

આ પ્રશ્નો અને ટીકાઓ પર જો મનન કરવામાં આવે તો ખૂબ જ શીખવા મળી શકે તેમ છે. તેઓ એવું ક્યારેય નથી કહેતા કે તેમની વાતને માની લેવામાં આવે, તેઓ ઈચ્છતા હતા કે લોકો તેના પર વિચારે અને મનન કરે અને તેની પાછળ જે સત્ય છૂપાયેલું છે તેને આત્મસાત કરી શકે. જીવનભર તેમણે કોઈની યે ટેકણ લાકડી બનવાનો અસ્વીકાર કર્યો અને કોઈને ય પોતાના શિષ્ય કે અનુયાયી ન બનાવ્યા. તેમનામાં ત્યાગવાની કે છોડવાની કોઈ ભાવના ન હતી; તેઓ પોતાની ઈચ્છા મુજબ જ જીવન જીવતા હતા, અને કેવળ સ્નેહવશ વાર્તાલાપ અથવા સંવાદ કરતા હતા.

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

---

**ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન (પબ્લિક ટ્રસ્ટ)**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

*પ્રસ્તુતિ*

**શ્રીમતિ પરવીન પટેલ**
*રેવા લોજ, વડોદરા*

# સાગર પંખી

*ગતાંકથી આગળ...*

આને પરિણામે જોનાથનની વાતો સાંભળવા રાત્રે હજારોની સંખ્યામાં સીગલો કોઈ જુએ કે ન જુએ તેની પરવા કર્યા સિવાય એકત્રિત થાય છે. "ઉડ્ડયન એ દરેકનો હક છે. મુક્તિ એજ મૂળસ્વભાવ છે. મુક્તિ વચ્ચે જે કંઈ આવતું હોય વહેમ-વિધિ-કોઈપણ જાતની સીમા નડતરરૂપ હોય તેને દૂર કરવી. જેને માટે સામાન્ય સમાજના નિયમો પણ તોડવા રહ્યા. સાચો નિયમ મુક્તિ તરફ લઈ જનાર છે, તે સિવાય બીજો કોઈ નિયમ નથી. **"The only true law is that which leads to freedom. There is no other."** અહીં તેને પ્રશ્ન પૂછાય છે કે "તું તો દિવ્ય બક્ષિસ પામેલો છે, અમે સૌ કેમ ઊડી શકીએ ?" "જે મુજબ મારા સિવાયના ઊડી શકે છે તેમ. ખરો તફાવત એજ છે કે તેઓ ખરેખર શું છે તે સમજવા માંડ્યા છે અને તે અંગે પ્રયત્નશીલ બન્યા છે." જેમ સામાન્ય સીગલ સમૂહ ઉડ્ડયનનાં વિષયથી અપરિચિત છે, અજ્ઞાત છે તેવું જ સામાન્ય જનસમૂહ માટે પણ કરી શકાય. જીવનમાં ભૌતિકતા સિવાય પણ કંઈક છે. આપણો સાચો ધર્મ સાચી ઓળખની દિશામાં પ્રયાણ કરવાનો છે, જેનું ઘણાં થોડાંકને જ્ઞાન છે. સામાન્ય જનસમૂહ તો સાચી ઓળખ પામવા માટેનાં સાધનો જપ-તપ-ક્રિયાકાંડ વગેરેને વહેમો અને અંધશ્રદ્ધાપૂર્વક સાધ્ય માની બેઠો છે. તેથી અધિક કંઈક છે તે સ્વીકારવા જ તૈયાર નથી. કદાચ તેવું ભાન જ નથી. સાચી ઓળખ પામવા માટે જે કંઈ નડતર રૂપ બંધનકર્તા હોય તે બધું જ આપણે છોડવું રહ્યું. દરેક સ્વયં પોતાની મર્યાદા, અધૂરપ જાણી શકે, તેનો ત્યાગ પણ વ્યક્તિજ સ્વયં કરી શકે. બાહ્યાચારની સાથે ભીતરની મર્યાદાઓ ક્રોધ-લોભ-મોહ સૌને છોડવાં જ રહ્યાં. જે સાચી દિશા તરફ વળેલો છે તે આપોઆપ પોતાની સીમા પરત્વે જાગૃત થતો જાય છે અને પછી તે કંઈપણ છોડવાનો પ્રયત્ન પણ નથી કરતો. તેની પોતાની જાગૃતિ જ આપોઆપ બિનજરૂરી બધુંય છોડાવી દે છે. દેખાદેખીથી કરેલો ત્યાગ ઉલ્ટો નુકસાનકર્તા નીવડે છે તે પણ લક્ષમાં રાખવાનું છે. સામાન્ય જનસમાજ આધ્યાત્મિક બાબત અંગે મૂઢ છે. તેઓ તેને અશક્ય-અસંભવિત અને અપ્રાપ્ય સમજીને તેનાથી દૂર રહે છે. કોઈને તે અંગે પ્રયત્ન કરતાં જોઈને બીજાં કરી શકે તે પોતાથી કેમ થઈ શકે તેવું વિચારીને ક્યારેય જાણવા, સમજવા કે અમલમાં મૂકવાની તૈયારી બતાવતાં નથી.

ફ્લેચર જોનાથનને કહે છે, "તું જો મહાન સીગલનો પુત્ર ન હોય તોય તું તારા સમયથી હજારો વર્ષ આગળ છે." જોનાથન પોતે સમજી જાય છે કે તેઓ તમને દેવ ધારે યા દાનવ ધારે ગેરસમજૂતીની આ કિંમત છે. તે ફ્લેચરને જ પૂછે છે કે તું શું ધારે છે ? ફ્લેચર કહે છે, "આ પ્રકારનું ઉડ્ડયન હંમેશ જેને શીખવું હોય તેને માટે છેજ. કદાચ બાકીના સીગલોની ઉડ્ડયન ફેશન કરતાં આપણે આગળ હોઈશું." સામાન્ય જનસમાજથી જે વ્યક્તિ એની વિશિષ્ટ વિચારણા અને કાર્યોને પરિણામે અલગ તરી આવે ત્યારે વિરોધી લોકમત તેને માટે ઉદ્ભવે છે, ક્યાંતો તેને સારી ગણીને તેની પ્રશંસા થાય અથવા દુષ્ટ માનીને તિરસ્કૃત થાય.

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

સમય સમયે અવતરેલા મહાપુરુષોને જન-સમાજ તરફથી આવી જ ભેટ મળી છે. લોકમત ક્યારેય સ્થિર નથી. કઈ ઘડીએ તેમાં પરિવર્તન આવશે તેની કોઈનેય જાણ નથી હોતી. ફલેચરનો પ્રત્યુત્તર અદ્‌ભુત છે. બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા, આત્મજ્ઞાન સનાતન અને અચળ છે, કોઈપણ ઉત્સુક જિજ્ઞાસુ તેમાં ડૂબકી લગાવી શકે છે. જેઓએ ડૂબકી લગાવી જાણી છે તેઓ સામાન્ય જનસમાજ કરતાં થોડાંક આગળ ગણી શકાય એટલું જ !

એકવેળા ફલેચર ઝડપી ઉડ્ડયનનું શિક્ષણ આપતો હતો, ત્યારે પહેલીજવાર ઊડતાં શીખેલું નાનકડું પંખી તેની માની શોધમાં બૂમ પાડતું વચ્ચે આવ્યું. તેને બચાવવા માટે ફલેચર બીજી બાજુ આવેલા ગ્રેનાઈટના સખત ખડક સાથે અથડાય છે. તે ખડક બીજી દુનિયામાં લઈ જનાર દરવાજાસમ હતો. ડરતો, ભૂલતો, યાદ કરતો, નિરાશ દુઃખી એવો અજાણ્યા આકાશમાં ભૂલો પડ્યો. તેને અવાજ સંભળાયો, ‘‘આપણી સીમાને ધીરજપૂર્વક પાર કરવાની છે.’’ ‘‘જોનાથન, હું મૃત્યુ નથી પામ્યો !’’ ફલેચર પ્રશ્ન પૂછે છે. જોનાથન જણાવે છે, ‘‘ફલેચર જો તું મારી સાથે વાત કરી શકતો હોય તો મૃત્યુ પામેલો શી રીતે ગણાય ? તેં માત્ર તારાં સંવિત્‌નાં સ્તરને આકસ્મિક, ઉતાવળે બદલ્યું છે. હવે તારી પસંદગી ઉપર આધાર છે. તારે અહીં શીખવું હોય તો તેમ અથવા પાછાં જઈને ટોળાં સાથે કામ કરવું હોય તો તેમ ! વડીલો ધારતાં હતાં કે કંઈક અકસ્માત થશે, પણ તેં તેઓને ઉપકૃત કર્યો હોવાથી ગૂંચવાઈ ગયાં છે.’’ ફલેચર કહે છે, ‘‘મારે પાછાં ફરવું છે. નવા જૂથને માંડ શીખવવાનું ચાલુ કર્યું છે.’’ જોનાથન તેનું ધ્યાન ખેંચે છે કે, ‘‘તો પછી ફલેચર, યાદ રાખજે તારું શરીર વિચારથી અધિક કશું નથી.’’ **Through Death to Rebirth**માં શ્રી જેમ્સ પરકીન્સ એકાએક આકસ્મિક મૃત્યુની ચર્ચા કરતાં સ્વાનુભવ વર્ણવે છે, જેમાં એક મોટર અકસ્માતને પરિણામે તેમનું શરીર અચેતન અવસ્થામાં દિવસો પર્યંત પડી રહ્યું. જ્યારે તેમનું સંવિત્ ઉપલા સ્તર ઉપર સાર્વત્રિકતાની અનુભૂતિ કરે છે, દિવ્ય પ્રવાહ ઉપરથી કિરણોનાં રૂપમાં નીચે ઊતરી રહ્યો છે, અન્ય ચીજવસ્તુઓ સાથે દિવ્ય એકરૂપતાને પામે છે અને મૃત્યુ જેવું કશું જ નથી તેની ખાત્રી થાય છે.

અહીં વર્ણવાયેલું ફલેચરનું અચાનક અકસ્માતને પરિણામે નીપજેલું મૃત્યુ ખરેખરૂં મૃત્યુ નથી, જ્યાં સુધી રજતપાશ (**Silver Cord**) તૂટ્યો ન હોય ત્યાં સુધી અચેતન લાગતું શરીર ચેતન થવાનો સંપૂર્ણ સંભવ રહે છે. સાક્ષાત્કારના માર્ગે સાધકને માટે સંવિત્‌ના વિસ્તારની પ્રાથમિક જરૂરત છે. તે સમયની મર્યાદામાં એક પછી એક દેહોની નશ્વરતાને બરાબર સમજી શકે, જેથી પોતાનાં મૂળ સ્વરૂપને બરોબર ઓળખી શકે. આજ ગુપ્તવિદ્યાનો માર્ગ છે, જ્યાં અદૃષ્ય સૃષ્ટિમાં સંવિત્‌નું વિસ્તરણ થતું જાય છે, તબક્કાવાર એક પછી એક ભૂમિકાઓ અને ભુવનોથી પરિચિત થતો જાય છે. શાબ્દિક રીતે સત્યને જાણવું અને તેની અનુભૂતિ કરવી બંને જુદી વાત છે. અનુભૂતિજ જ્ઞાનને પ્રજ્ઞાનમાં પરિવર્તિત કરે છે. જે અહીં ફલેચરનાં અનુસંધાનમાં જોવા મળે છે. વળી અહીં સ્વાર્પણનો દિવ્ય નિયમ પણ દર્શાવાયો છે. એકતો નાનકડાં પંખીને બચાવા માટે અકસ્માત સ્વયં વહોરી લે છે. આ ઉપરાંત અંગત પ્રગતિ માટે અદૃશ્ય ભુવનમાં રહેવાની તેને છૂટ મળે છે, છતાં તે કર્તવ્યની વેદી ઉપર ફરજ પાલન માટે તત્પર બને છે, અનુકંપાથી પ્રેરાઈને પોતાના જુથને શિક્ષિત કરવાનું કાર્ય ચાલુ રાખવા માંગે છે. જેને આધ્યાત્મિકતા જાણવી છે, પામવી છે તેણે સ્વને છોડવો-ભૂલવો પડશે. તેનું કાર્ય તો તેની પાસે જ કંઈ છે તેમાં બીજાં સૌ કોઈને ભાગીદાર બનાવવાનું છે. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

भारतीय डाक

India Post

# ભારતીય ટપાલ વિભાગ
## (ભારત સરકાર)

आज़ादी का अमृत महोत्सव

### પોસ્ટ ઓફિસ બચત ખાતું (SB)
વ્યાજ દર 4%*

- લઘુત્તમ જરૂરી બેલેન્સ 500/-
- ચેક બુક ની સુવિધા.
- ડેબિટ કાર્ડની સુવિધા.
- IPPB સાથે લિન્ક કરી મોબાઈલથી ફંડ જમા/ઉપાડ કરવાની સુવિધા.
- બચતખાતા પર બેંકથી પણ વધુ વ્યાજ.

### રીકરિંગ થાપણ (RD) - 5 વર્ષ
વ્યાજ દર 5.8%*

- પ્રતિ માસ લઘુત્તમ 100/-
- 3 વર્ષ બાદ બંધ કરવું શક્ય.*
- 6 કે 12 માસની અગ્રિમ ચુકવણી પર વળતર (Rebate).
- 1 વર્ષ બાદ 50% બેલેન્સની રકમ પર લોન ઉપલબ્ધ.

### માસિક આવક (MIS) - 5 વર્ષ
વ્યાજ દર 6.6%*

- લઘુત્તમ 1000/- અને મહત્તમ 450000/- વ્યક્તિ દીઠ.
- માસિક વ્યાજ સીધું બચત ખાતા માં જમા કરવાની સુવિધા.
- 1 વર્ષ બાદ બંધ કરવું શક્ય.*

### મુદતી થાપણ (TD)-1,2,3,5 વર્ષ
વ્યાજ દર 5.5% થી 6.7%*

- લઘુત્તમ 1000/- અને મહત્તમ કોઈ મર્યાદા નહીં.
- વાર્ષિક વ્યાજ ની ચુકવણી પરંતુ વ્યાજ ગણતરી ત્રિમાસિક.
- 5 વર્ષ ની થાપણ પર 80C નો લાભ.

### નેશનલ સેવિંગ સર્ટિ(NSC)-5 વર્ષ
વ્યાજ દર 6.8%*

- લઘુત્તમ 1000/- અને મહત્તમ કોઈ મર્યાદા નહીં.
- વ્યાજ વાર્ષિક ચક્રવૃદ્ધિ પરંતુ ચુકવણી પાકતી મુદતે.
- થાપણ પર 80C નો લાભ.

### કિસાન વિકાસપત્ર(KVP)-124માસ
વ્યાજ દર 6.9%*

- લઘુત્તમ 1000/- અને મહત્તમ કોઈ મર્યાદા નહીં.
- 10 વર્ષ અને 4 માસમાં રકમ બમણી.
- 2.5 વર્ષ બાદ બંધ કરવું શક્ય.
- વ્યાજ વાર્ષિક ચક્રવૃદ્ધિ પરંતુ ચુકવણી પાકતી મુદતે.

**ઉપરોક્ત યોજનાઓ નો લાભ લેવા તમારી નજીક ની પોસ્ટ ઓફિસ નો સંપર્ક કરો**

**વરિષ્ઠ અધિક્ષક ડાકઘર**

અમદાવાદ શહેર વિભાગ, ઈન્કમટેક્ષ ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ,
અમદાવાદ -380009.
ફોન: 079-27541706, 079-27543832.
Email : doahmedabadcity.gj@indiapost.gov.in

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **April–2022**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...

| ક્રમ | પુસ્તકોના નામ | કિંમત (રૂા.) |
|---|---|---|
| ૧. | અષ્ટાંગ યોગ | ૧૨ |
| ૨. | બ્રહ્મવિદ્યા અને બ્રહ્મવિદ્યા મંડળ | ૨૫ |
| ૩. | બ્રહ્મવિદ્યાનું દિવ્ય દર્શન | ૨૦ |
| ૪. | ચેતન્યમાં ડોકિયું | ૫૦ |
| ૫. | દિવ્યચક્ષુ થિયોસોફિસ્ટ ચાર્લ્સ લેડબિટર | ૨૫ |
| ૬. | ગીતાની યોગસાધના | ૧૦૦ |
| ૭. | શ્રી ગુરૂ ચરણે (મોટું કદ) | ૪૦ |
| ૮. | શ્રી ગુરૂ ચરણે (નાનું કદ) | ૧૦ |
| ૯. | એચ.પી. બ્લેવેટ્સ્કીની જીવન રેખા | ૨૦ |
| ૧૦. | જીવંત પ્રજ્ઞા | ૧૨ |
| ૧૧. | કર્મનો નિયમ | ૧૦ |
| ૧૨. | કુટુમ્બ અને કૌટુંબિક અર્થશાસ્ત્ર | ૫ |
| ૧૩. | મહાન પુરુષો અને માર્ગ | ૬૫ |
| ૧૪. | મનુષ્ય માંથી મહાત્મા | ૨૫ |
| ૧૫. | માર્ગ પ્રકાશિની | ૮૦ |
| ૧૬. | મૌનનો નાદ (મોટું કદ) | ૨૫ |
| ૧૭. | મૌનનો નાદ (નાની સાઈઝ) | ૧૨ |
| ૧૮. | મૃત્યુની પેલે પાર | ૫ |
| ૧૯. | પ્રજ્ઞાનો માર્ગ | ૧૦ |
| ૨૦. | પુર્ન જન્મનો નિયમ | ૧૦ |
| ૨૧. | પુરાણી પ્રજ્ઞા | ૫૦ |
| ૨૨. | સર્જન શક્તિ | ૧૫ |
| ૨૩. | સાર્થક જીવન | ૧૦ |
| ૨૪. | થિયોસોફીની સાર્દી સમજ | ૧૫ |
| ૨૫. | થિયોસોફીનું પાઠ્ય પુસ્તક | ૫ |
| ૨૬. | યુગ ધર્મ | ૧૨ |
| ૨૭. | ગુરુ ચરણે (મોટું કદ) | ૪૦ |
| ૨૮. | ગુરુ ચરણે (નાની સાઈઝ) | ૧૦ |

મફત પુસ્તકોની યાદી

(૧) ભારત સમાજ નિત્ય પૂજા (૨) વિશ્વપ્રેમી એની બેસન્ટ (૩) જીવન સંગીત (૪) નારદ ભક્તિ સૂત્ર (૫) પંચશિલ અને બીજા લેખો

બેન્ક વિગતો : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, સ્વીકારવાનું નામ : જીટીએફ બુક સ્ટોલ નંબર ૨,
એકાઉન્ટ નંબર : ૧૮૭ ૧૯૫ ૭૨૯૯, IFSC કોડ : ૦૨૮૧૩૬૦

બુક સ્ટોલ મેનેજર : શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. ૯૪૨૬૧ ૬૪૫૫૭

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH